647510 **0101201E2042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
## June/July-2022 [OLD COURSE]
## GUJ. : P4 SARJAN LEKHAN KAUSHAL-2(ELECTIVE-2)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નીરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી ભાવના છે, તેનું શબ્દશરીર એની મળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.".

-કાકાસાહેબ કાલેલકર

અથવા

પ્રશ્ન-૧ સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે; આથી તેમાં જૂની મૂડી ઉપર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યના શિક્ષકની યોગ્યતાની પહેલી શરત એ કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઇએ. સાહિત્યના આગળ વર્ણવેલા, મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂઝના બળે અંગુલીનિર્દેશ કરવો, એટલું જ નહિ, પણ એ શક્યતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સર્જવામાં પોતાની અધ્યાપન પ્રવૃત્તિને ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ માનતો હોવો જોઇએ.

-સુરેશ જોષી

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

"મનુષ્ય માત્રનો પોતાના પાડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીને પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઇ મદદ વિના દુઃખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશક્ય છે, જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે, તે કેવળ પોતાના માટે જ જીવે છે. જેને મન આખુ જગત કુટુંબ છે તેનામાં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઇએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઇ શકે".

-ગાંધીજી

અથવા

પ્રશ્ન-૨ "જગતના નઠારા કે સારા માણસ વચ્ચેનો ભેદ શાથી પડે છે? માત્ર તેમના હ્રદયની વૃત્તિથી જ પડે છે; રૂપ, રંગ, સમૃદ્ધિ, પોષાક કે સારી સારી વાતો તે કશાથી એ ભેદ પડતો નથી. સારી વૃત્તિ એટલે સારું જ્ઞાન, સારું જ્ઞાન એટલે જે ઉત્તમ પ્રકારની વાત જાણવામાં છે તે જ પ્રમાણે કરી બતાવવા રૂપ અનુભવ એમ જે માણસમાં હોય તે જ સારાં માણસ. આમ, અનુભવ એ આ સંસારમાં સર્વત્ર આવશ્યક છે. ને એના વિના નીતિ, વ્યવહાર, ધર્મ, કર્મ કશું સારું થતું નથી. ઘણાંક એવા મનુષ્ય પણ હોય છે કે જેમને મોટામોટા વિચાર અને વાતો આવડતાં હોય નહિ, પણ જેમનો અનુભવ એવો પાકો થયો હોય કે જેથી

વાતો કરનારા કરતાં પણ અતિ ઉત્તમ પ્રકારનાં તે હોઇ શકે. એ જ અનુભવનો મહિમા છે. એટલા જ માટે જેણે ઘણાં વર્ષ આ જગતમાં ગાળી ઘણો અનુભવ મેળવ્યો છે તે માનને પાત્ર છે''.

-મણિલાલ દ્વિવેદી

પ્રશ્ન-૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ગદ્યખંડ ફરીથી લખો. (૧૪)

જીવનમાં શાશ્વત સુખ હાંસલ કરવા માટે અમુક સદ્દગુણો અને સિદ્ધાંતોને વળગી રહેવું જોઇએ રોજિંદાં વાણી વર્તનને નોંધી એમાંથી નજરે પડતી ભૂલો સુધારતા જવાથી ગુણો વિકસાવી શકાશે ઇશ્વરપ્રાર્થના અને મહાપુરૂષોનાં જીવન તથા ઉપદેશમાંથી મેળવેલી પ્રેરણા ઉમદા જીવન માટે તમને સદ્દવિચારોનું ભાથું પૂરું પાડી શકે છે

અથવા

પ્રશ્ન-૩ સમાસ એટલે શું? સમજાવી નીચેનામાંથી કોઇપણ બે સમાસ રચના વિશે સદ્દષ્ટાંત નોંધ લખો.

(૧) ઉપપદ સમાસ (૨) બહુવ્રીહી સમાસ (૩) તત્પુરુષ સમાસ

પ્રશ્ન-૪ નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્ય રચનામાં પ્રયોગ કરો. (૧૪)

(૧) ખો ભૂલી જવી. (૨) ગાંઠ ઉકલી જવી. (૩) જીવ અધ્ધર થવો.

(૪) છાતી ગજગજ ફૂલવી. (૫) કદર કરવી. (૬) પેટે પાટા બાંધવા.

(૭) ઊભી પૂંછડીએ ભાગવું.

અથવા

પ્રશ્ન-૪ નીચેની કહેવતોના અર્થ જણાવી તેને વાક્યમાં પ્રયોજો.

(૧) બાંધી મૂઠી લાખની. (૨) ઘેર ઘેર માટીના ચૂલા.

(૩) ચોર કોટવાળને દંડે. (૪) પાકા ઘડે કાંઠા ન ચડે.

(૫) ભેંસ આગળ ભાગવત. (૬) કજિયાનું મોં કાળું.

(૭) બોડીને ત્યાં વળી કાંસકી કેવી?

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ બેના જવાબ આપો. (૧૪)

(૧) પ્રશ્નચિહ્ન અને ઉદ્દગાર ચિહ્ન વિશે નોંધ લખો.

(૨) નીચેના સમાસનો વિગ્રહ કરો.

ગિરિધર, દિનચર્યા, મોરપીંછ, સેવાપૂજા, પીતાંબર, મહાબાહુ, કલ્પવૃક્ષ

(૩) નીચેની કહેવતો પુરી કરો.

(૧) ખાળે ડૂચાને .......................................... (૨) કૂવામાં હોય તો ..........................................

(૩) નહિ મામા કરતાં .................................. (૪) મોરનાં ઈંડા ................................................

(૫) ડાહી સાસરે ન જાય .............................. (૬) કરે તેવું પામે ............................................

(૭) કાલ કરે સો ..........................................

(૪) કર્મધારય સમાસ – ઉદાહરણ સાથે સમજુતી આપો.

************************************